# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## ધો.૧૨(વિજ્ઞાન પ્રવાહ) ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬ પરીક્ષાના પરિણામની ગુણચકાસણી, અવલોકન અને OMR COPY તથા રિપોર્ટ અંગે

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬ પરીક્ષાનું પરિણામ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. પરિણામ બાદ ગુણચકાસણી, ઉત્તરવહી અવલોકન અને OMR COPY મેળવવા માટે નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ પરત્વે ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલ આખરી સુધારા(Change/No Change) દર્શાવતો રીપોર્ટ, OMR Copy અને વેરીફીકેશન રિપોર્ટ બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન મૂકવામાં આવેલ છે. અરજી કરેલ ઉમેદવારે પોતાનો રિપોર્ટ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા sci.gseb.org પરથી તા.03/0૬/૨૦૨૬ થી તા.૧૩/0૬/૨૦૨૬ સુધી તેમના દ્વારા કરવામાં અરજીની વિગતો (બેઠક નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડ) દાખલ કરી, લોગ-ઇન થઇ, ઓનલાઇન ડાઉનલોડ કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે અવલોકન/ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળાઓએ આ ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી, તેમની પાસેથી અગાઉ મળેલ ગુણપત્રક/પ્રમાણપત્ર પરત મેળવી બોર્ડની કચેરીએ 'ક' શાખામાં જમા કરાવવાના રહેશે.

ઉમેદવારોએ ગુણચકાસણી રીપોર્ટ, OMR COPY અને વેરીફીકેશન રિપોર્ટ ફકત ઓનલાઇન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પદ્ધતિ અમલમાં નથી. જેની શાળાના આચાર્યશ્રી, વાલી તથા તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-03/0૬/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર